**વી. એસ. ગણેશવાલા**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ/
તારીખ : / /૨૦૨૪

## –: સંમતિ પત્ર:–

વિષય:– સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા) તથા ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ના હદ વિસ્તારમાં રસ્તા એલાઈમેન્ટ, રીઝર્વેશન પ્લોટ, ખાનગી મિલ્કતોના મિલ્કતધારક ધ્વારા કરવામાં આવેલ અનધિકૃત બાંધકામોના ડિમોલીશન/દબાણ દુર કરવાનું કામ

સંદર્ભ :– (૧) સુરત મહાનગરપાલિકાની સ્થા.સ.ઠ.નં. ૧૬૬૪/૨૦૨૩, તા.૨૦/૧૦/૨૦૨૩ થી મંજુર થયેલ ઠરાવના યુનીટ રેટના ભાવો અને શરતોને આધિન.
(૨) મે. ડે.મ્યુ.કમિશનરશ્રીની તા. ૨૨/૦૭/૨૦૨૪ની મંજુરી

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા) તથા ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી) ના વિસ્તારમાં રસ્તા એલાઈમેન્ટ, રીઝર્વેશન પ્લોટ, ખાનગી મિલ્કતોના મિલ્કતધારક ધ્વારા કરવામાં આવેલ અનધિકૃત બાંધકામોના ડિમોલીશન/દબાણ દુર કરવાનું કામે સ્થા.સ.ઠ.નં. ૧૬૬૪/૨૦૨૩, તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજથી ૧ (એક) વર્ષ માટે યુનિટ રેઈટ મંજુર થયેલ હોય સદર કામગીરી સંદર્ભ ક્રમાંક (૧) મુજબના મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતે રૂ. ૫,૦૦,૦૦૦/– ની મર્યાદામાં ઉકત વિષય મુજબની કામગીરી કરવા સંદર્ભ ક્રમાંક (૨) હેઠળથી સૈધાંતિક મંજુરી મેળવવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી રૂા.૫,૦૦,૦૦૦/– ની મયાર્દામાં સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૬૬૪/૨૦૨૩, તા. ૨૦/૧૦/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેટના મંજુર ભાવે અને શરતે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ બંધ કવરમાં તા. ૧૩/૦૮/૨૦૨૪ સુધીમાં સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## –:શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટ (EMD) ની રકમ કમિશનર શ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂ. ૫,૦૦૦–ની આપવાની રહેશે.
૨. ઈજારદારે 'ઈ–૧ વર્ગ' રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૧,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.
૫. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
૭. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.
૮. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા ટેક્ષ સંબંધિત કાયદાઓનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૯. કોન્ટ્રાકટર/બિડરે કોઈપણ સંજોગોમાં કામદારો, જાહેર જનતા વગેરે માટે સલામતીનાં પગલાં જાળવવું એ સૌથી અગત્યનું છે જે તેમના પોતાના ખર્ચે જાળવવું પડશે.
૧૦. કામદાર પાસે સેફ્ટી હેલ્મેટ, સેફ્ટી જેકેટ, સેફ્ટી શૂઝ, સેફટી બેલ્ટ, સેફટી ગ્લોવ્સ વગેરે હોવા જોઈએ અને તેણે ડિમોલિશન એક્ટિવિટી દરમિયાન આ બધી એકસેસરીઝ વપરાશમાં લેવાની રહેશે.
૧૧. ડિમોલિશન કામગીરી શરૂ કરતા પહેલા કોન્ટ્રાક્ટરે બેરિકેડિંગ કરવાનું રહેશે તેમજ જાહેર જનતા અને ટ્રાફિકની સલામતી જાળવવાની મુખ્ય જવાબદારી કોન્ટ્રાક્ટર/બિડરની રહેશે.
૧૨. ડિમોલિશનના કામ દરમિયાન કોન્ટ્રાક્ટરે આ પ્રકારના કામ માટે શારીરિક રીતે યોગ્ય અને કુશળ કામદારોની નિમણૂક કરવાની રહેશે.
૧૩. કોન્ટ્રાક્ટરે ડિમોલિશનના કામ માટે લીધેલ તમામ કામદારો માટે વર્કમેન કંમ્પનસેશનની નીતિ લેવી પડશે અને તેના ધારા ધોરણો મુજબ વીમા પૉલિસી લીધા વિના કોઈ ચુકવણી આપવામાં આવશે નહીં.

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**

Name of Work :- Demolition / Encroachment work in road alignment, SMC reservation plots and unauthorized construction done by the property holder of private properties in the boundry area of Draft T.P scheme No. 61 (Parvat-Godadra) and Draft T.P scheme No. 69 (Godadra-Dindoli) of South East(Limbayat) Zone

## SCHEDULE-B

| SR.NO. | DESCRIPTION | QTY. | RATE | UNIT | AMOUNT |
|---|---|---|---|---|---|
| 1 | R.C.C. CONSTRUCTION (ANY FLOOR) | 650.00 | 145.00 | S.M. | 94250.00 |
| 2 | GALVANIZED/ASBESTOS CEMENT SHEET ROOF/WALL (ANY FLOOR) | 700.00 | 95.00 | S.M. | 66500.00 |
| 3 | MASONARY CONSTRUCTION (ANY FLOOR) | 750.00 | 95.00 | S.M. | 71250.00 |
| 4 | REMOVING SHUTTERING MATERIAL (ANY FLOOR) | 500.00 | 95.00 | S.M. | 47500.00 |
| 5 | REMOVING USED STEEL BARS FROM R.C.C. WORKS (ANY FLOOR) | 500.00 | 100.00 | S.M. | 50000.00 |
| 6 | DEMOLITION OF COMPOUND WALL | | | | 0.00 |
| | (A) MASONRY WALL (UP TO 5'0") | 365.00 | 25.00 | R.M. | 9125.00 |
| | (B) MASONRY WALL WITH R.C.C. BEAM & COLUMN (UP TO 5'0") | 500.00 | 35.00 | R.M. | 17500.00 |
| | (C) MASONRY WALL (MORE THAN 5'0") | 500.00 | 25.00 | R.M. | 12500.00 |
| | (D) MASONRY WALL WITH R.C.C. BEAM & COLUMN (MORE THAN 5'0") | 200.00 | 35.00 | R.M. | 7000.00 |
| 7 | BELDAR PER DAY | 310.00 | 400.00 | PER PERSON | 124000.00 |
| | | | | **TOTAL** | **499625.00** |

**-SD-**
**EXECUTIVE ENGINEER**
**SOUTH EAST ZONE (LIMBAYAT)**
**SURAT MUNICIPAL CORPORATION**